
ઉજાસ

પ્રવેશિકા, ભાગ 1





નવભારત સાક્ષરતા કાર્યક્રમ
બીના ભણશે, મા પણ ભણશે
ભણશે પૂરો પરિવાર
ઘેર ઘેર આવશે
શિક્ષણની સુવાસ
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર


નવભારત સાક્ષરતા કાર્યક્રમ
નિશ્ચય કરીએ
હંમેશાં ભણીએ
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

ઉજાસ

પ્રવેશિકા

ભાગ 1



ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર
Gujarat Council of Educational Research and Training, Gandhinagar

આમુખ

નમસ્કાર મિત્રો, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦માં થયેલી ભલામણોના યથાર્થ અમલીકરણ માટે ભારત સરકાર દ્વારા ૧ એપ્રિલ, ૨૦૨૨ થી નવભારત સાક્ષરતા કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં Education for Allનાં તમામ પાસાં આવરી લેવામાં આવ્યાં છે. આ યોજનાનો હેતુ માત્ર સાક્ષરતાનો નથી, પરંતુ ૨૧મી સદીના નાગરિકો માટે નાણાકીય સાક્ષરતા, ડિજિટલ સાક્ષરતા, વ્યાપારિક કૌશલ્યો, આરોગ્ય સંભાળ, બાળસંભાળ અંગેનું શિક્ષણ અને કુટુંબ કલ્યાણ સહિતનાં મૂળભૂત જીવન કૌશલ્યોનો સમાવેશ કરવાનો છે. સ્થાનિક કક્ષાએ રોજગાર મળી રહે તે માટે વ્યાવસાયિક કૌશલ્ય વિકાસ, પ્રાથમિક–માધ્યમિક સ્તરે મૂળભૂત શિક્ષણ તથા કલા–વિજ્ઞાન–ટેકનોલોજી, સાંસ્કૃતિક અને મનોરંજનના પરિપ્રેક્ષ્યમાં સતત શિક્ષણ સહિતના વિષયો દ્વારા વ્યક્તિગત વિકાસ તેમજ શ્રેષ્ઠ નાગરિક ઘડતરના ઉદ્દેશ્ય રહેલા છે.

નવભારત સાક્ષરતા કાર્યક્રમના દસ્તાવેજમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, 2011ની વસતિ ગણતરી મુજબ દેશમાં 15 વર્ષ કે તેથી વધુ વયજૂથમાં બિનસાક્ષરોની કુલ સંખ્યા 25.76 કરોડ (પુરુષ 9.08 કરોડ, મહિલા 16.68 કરોડ) છે. 2009–10 થી 2017–18 દરમિયાન સાક્ષર ભારત કાર્યક્રમ હેઠળ સાક્ષર તરીકે પ્રમાણિત 7.64 કરોડ વ્યક્તિઓની પ્રગતિને ધ્યાનમાં રાખીને એવો અંદાજ છે કે હાલમાં ભારતમાં લગભગ 18.12 કરોડ પુખ્ત લોકો હજુ પણ બિનસાક્ષર છે. NEP-2020 અંતર્ગત વર્ષ 2030 સુધીમાં 100% સાક્ષરતા પ્રાપ્ત કરવાનું લક્ષ્ય નિર્ધારિત થયેલું અને તે માટે NCERT ખાતે રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્ર, GCERT ખાતે રાજય સાક્ષરતા કેન્દ્ર અને DIET ખાતે જિલ્લા સાક્ષરતા કેન્દ્ર સ્થાપવાની ભલામણ થયેલી છે.

સાક્ષરતા એક વિશાળ સંકલ્પના છે, માત્ર વાંચન–લેખન–ગણન પૂરતી સીમિત નથી, પરંતુ તેમાં વિવિધ વિષયોની દૃશ્ય–શ્રાવ્ય અને ડિજિટલ સામગ્રીઓનો ઉપયોગ કરવાની, ઓળખવાની ક્ષમતા પણ અપેક્ષિત છે.

NEP–2020ના પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં રાખીને શિક્ષણ વિભાગ દ્વારા નવભારત સાક્ષરતા કાર્યક્રમ અંતર્ગત બિનસાક્ષર શિક્ષણાર્થીઓ માટે ઉજાસ પ્રવેશિકા (ભાગ ૧ થી ૪)નું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્રવેશિકા ભાષા અને ગણિત બન્ને વિષયને સંકલિત કરીને બનાવવામાં આવી છે. ભાષાકીય સાક્ષરતાના સંવર્ધન માટે રોજબરોજના વ્યવહારમાં ઉપયોગી મુદ્દાઓને અર્થપૂર્ણ સામગ્રીમાં ઢાળીને ૧૩ મુદ્દાઓમાં આ પ્રવેશિકાને રચવામાં આવી છે. આ મુદ્દાઓમાં પરિવાર અને પડોશ, વાતચીત, આપણી આસપાસ, ખાણી–પીણી અને આરોગ્ય,

મતદાન, કાયદાકીય જાણકારી, આપત્તિ વ્યવસ્થાપન, સમય, પ્રવાસ, મનોરંજન, નાણાકીય સાક્ષરતા, ડિજિટલ સાક્ષરતા, પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રવેશિકાનો ઉપયોગ શિક્ષકો/સહયોગી દ્વારા કરવામાં આવશે તેમજ તેના આધારે શિક્ષાર્થીઓને શીખવામાં મદદ મળશે. આ માર્ગદર્શિકામાં માત્ર વાંચન–લેખન–ગણન જ નહીં, પરંતુ વિશાળ પરિપ્રેક્ષ્યમાં શીખવા–શીખવવાની પ્રક્રિયા વિશે વિશદ ચર્ચા કરવામાં આવી છે.

આ પ્રવેશિકાના અમલીકરણ દરમિયાન શિક્ષાર્થીના સ્થાનિક પરિવેશ અને અનુભવ જગતનો ઉપયોગ સ્વયંસેવી/શિક્ષકો કરશે તો શિક્ષાર્થીઓ સરળતાથી શીખી શકશે એવો અનુભવ છે. શિક્ષાર્થીના અનુભવ જગતમાંથી વાર્તા કે સંવાદ કરતાં કરતાં શીખવવાથી તેઓ ઝડપથી, રસપૂર્વક, કંટાળા વગર અને આનંદથી શીખી શકશે.

ઉજાસ પ્રવેશિકામાં સામેલ વિષયવસ્તુને તેમજ વિભાવનાઓને શિક્ષાર્થી તેમજ સ્વયંસેવી/શિક્ષકો માટે મોડ્યુલ કે વીડિયો આધારિત બનાવવામાં આવી છે. આ તમામ સાહિત્ય DIKSHA પ્લેટફોર્મ પર પણ ઉપલબ્ધ છે. જેની મદદથી શિક્ષાર્થીઓને શીખવા–શીખવવામાં મદદ મળશે.

રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્રના માર્ગદર્શન હેઠળ જી.સી.ઈ.આર.ટી.ના રાજ્ય સાક્ષરતા કેન્દ્ર દ્વારા આ પ્રવેશિકા ગુજરાત રાજયના શિક્ષાર્થીઓ સમક્ષ તૈયાર કરી મૂકવામાં આવી છે. આ તબક્કે આ કાર્યમાં સહયોગ આપનાર તમામનો હું આભાર વ્યકત કરું છું.

મે, ૨૦૨૩

ડી. એસ. પટેલ

અધ્યક્ષ

રાજય સાક્ષરતા કેન્દ્ર, ગાંધીનગર, ગુજરાત

અને

નિયામક

જીસીઈઆરટી, ગાંધીનગર, ગુજરાત

સ્વયંસેવી શિક્ષકો માટેની વાત

પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન સૌ માટે શિક્ષણ(Education for All)નો એક મહત્ત્વનો ભાગ છે. જેનો ઉદ્દેશ ૧૫ કે તેથી વધુ ઉંમરના એવા શિક્ષાર્થીઓને સાક્ષર બનાવવાના છે કે જેઓ શિક્ષિત તો છે જ પરંતુ તેઓની પાસે અક્ષરજ્ઞાન નથી અથવા તો તેઓ બિનસાક્ષર છે. *નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ* અંતર્ગત વાચન–લેખન તથા સંખ્યાજ્ઞાનનાં કૌશલ્યોને એવા શિક્ષાર્થીઓ સુધી લઈ જવાનાં છે કે જેઓ કોઈ કારણથી શાલેય શિક્ષણ મેળવી શક્યા નથી અથવા તે ચાલુ રાખી શક્યા નથી. આથી સંભવ છે કે સામાજિક ચેતના કેન્દ્રના અથવા તમારા સંપર્કના બિનસાક્ષર શિક્ષાર્થી વાચન–લેખનની પ્રક્રિયામાં જુદીજુદી કક્ષાએ હોય.

આપણે એ વાત યાદ રાખીશું કે આપણા શીખનારાઓ સમજદાર છે અને તેઓ પાસે દૈનિક જીવનના અનુભવો છે જેના ઉપયોગ દ્વારા તેઓ તેમના જીવનમાં વિપરિત પરિસ્થિતિઓનો સામનો કરે છે અને જે–તે પરિસ્થિતિમાં અનુકૂળ થવાની કુશળતા પણ ધરાવે છે. આમાંથી મોટાભાગના લોકો કોઈને કોઈ કામગીરી અર્થે ઘરમાં કે ઘરની બહાર જવાબદારી નિભાવતા હોય તેવું સંભવ છે. આપણો ઉદ્દેશ એ છે કે સાક્ષરતાના માધ્યમથી તેઓની વાચન–લેખન અને ગણનની સમજમાં અભિવૃદ્ધિ થાય અને તેમનું રોજિંદુ જીવન વધુ સરળ બને. જેથી તેઓ પોતાના અનુભવ અને સમજ (ક્ષમતા)ને વધારે સઘન તેમજ વિસ્તૃત કરી શકે. આમ કરવાથી તેમના આત્મવિશ્વાસમાં વધારો થશે તેવી આશા છે.

સ્વયંસેવી શિક્ષક તરીકે આપણા માટે એ જાણવું જરૂરી છે કે –

- સાક્ષર બનાવવા માટે આપણે જે શિક્ષાર્થીઓની મદદ કરવાના છીએ તે ૧૫ વર્ષ કે તેથી વધારે ઉંમરના છે. એવું પણ બની શકે કે તેમની પાસે અનુભવનો વધુ ભંડાર હોય. તેમના અનુભવનું સન્માન કરવું અપેક્ષિત છે. તેઓ તેમનાં રોજિંદાં કાર્યો સારી રીતે કરી શકે છે. તેમની કાર્યદક્ષતાની પ્રશંસા કરવી અપેક્ષિત છે.
- તેઓ ત્યારે જ શીખશે કે જ્યારે તેઓને શીખવું ઉપયોગી લાગશે. શિક્ષાર્થીઓને પૂરતી તૈયારીથી શીખવીએ જેથી તેઓ જે શીખી રહ્યાં છે તેનો તેઓને લાભ મળી શકે. આમ કરવાથી આપણે પણ ઘણું નવું શીખી શકીશું તેમજ આપણો આત્મવિશ્વાસ પણ વધશે. આમ, પૂરતી તૈયારી, મહેનત અને સન્માન સાથે શિક્ષાર્થીઓને શીખવીએ.
- **ઉજાસ** પ્રવેશિકા ગુજરાતી ભાષા અને ગણિતનું સંકલિત સ્વરૂપ છે. જેના દરેક એકમમાં ગુજરાતી ભાષાની ક્ષમતાઓ અને ગાણિતિક ક્ષમતાઓના વિકાસ માટેનો પર્યાપ્ત અવસર આપવામાં આવ્યો છે.
- શિક્ષાર્થી ગુજરાતી ભાષા સાંભળવા અને બોલવામાં તો સક્ષમ છે પરંતુ શક્ય છે કે વાચન અને લેખનની પૂરતી તકોના અભાવને કારણે તેઓને અમુક પ્રકારની મુશ્કેલી થાય તેવું પણ

બને. એવું પણ શક્ય છે કે કેટલાક શીખનારાઓને અક્ષરજ્ઞાન હોય. એ જ રીતે, શીખનાર ગણિતમાં મૌખિક ગણતરી કરવાનું કૌશલ્ય અને ગણતરીઓની અનૌપચારિક રીતો જાણતા હોય છે પરંતુ તેમને આંકડાઓની ઓળખ કરવામાં અને વિવિધ ગાણિતિક સમસ્યાઓ ઉકેલવામાં મુશ્કેલી અનુભવતા હોય.

- શિક્ષાર્થીને ચિત્ર, વાર્તા, કાવ્યો તેમજ અન્ય રોચક સામગ્રી દ્વારા ગુજરાતી ભાષાના કેટલાક અપરિચિત અક્ષરો, શબ્દો દ્વારા પાઠ્યપુસ્તકના વિષયવસ્તુનું વાચન–લેખન શીખવવામાં આવ્યું છે. આવી પાઠ્યસામગ્રી દ્વારા ગણિતના અંકો, ગણતરી તેમજ સમસ્યાના ઉકેલ શીખવવામાં આવ્યાં છે. આપણે ઇચ્છીએ તો શૈક્ષણિક મુદ્દાઓને ધ્યાનમાં રાખીને અન્ય સ્થાનિક સામગ્રીનો ઉપયોગ કરી શકીએ છીએ. ચિત્ર દ્વારા શિક્ષાર્થીઓ સાથે વાતચીત અને તેઓના અનુભવોનું આદાનપ્રદાન કરી શકીએ છીએ.
- ઉજાસના પ્રથમ પાના પર ખાસ કરીને શિક્ષાર્થીઓને લખવા માટે પૂરતી જગ્યા આપવામાં આવી છે, જેથી તેઓ પોતાનું નામ, સરનામું અને સંપર્ક નંબર (મોબાઇલ નંબર) લખે. શિક્ષાર્થીઓ માટે દૈનિક જીવનમાં પોતાનું નામ અને અન્ય બાબતો લખવાનું વારંવાર થતું હોય છે. એવું પણ બની શકે છે કે તેઓ પોતાનું નામ ન લખી શકતા હોય તો આવા શિક્ષાર્થીઓને તેમનું નામ, સરનામું, ફોન નંબર વગેરે જરૂરી સૂચનાઓ લખીને બતાવવી અને જોઈને લખવામાં તેમની મદદ કરવી.
- ઉજાસ પ્રવેશિકાના ચારેય ભાગના અંતે ગુજરાતી ભાષાના મૂળાક્ષરો (વર્ણમાળા) આપવામાં આવ્યા છે. જેનો ઉદ્દેશ શિક્ષાર્થીઓને ગુજરાતી મૂળાક્ષરોના ક્રમનો પરિચય કરાવવાનો છે. પરંતુ શરૂઆત અર્થપૂર્ણ સામગ્રીથી જ થશે. એકવાર અક્ષરોથી પરિચિત થયા પછી મૂળાક્ષરો દ્વારા શિક્ષાર્થીઓને અક્ષરોની ક્રમશ: ઓળખ કરાવી શકાય છે. જો શિક્ષાર્થી પહેલેથી જ થોડું અક્ષરજ્ઞાનનું કૌશલ્ય ધરાવતો હોય તેમને માટે ગુજરાતી મૂળાક્ષરોનાં ચાર્ટવાળા પેઇજનો ઉપયોગ પહેલાં કરી શકાય.
- ગુજરાતી મૂળાક્ષરોનો ચાર્ટ વારંવાર જોવાથી શિક્ષાર્થીઓ ઝડપથી અક્ષર ઓળખતા થશે. તેમજ તેઓ અનુમાન કરીને અક્ષરો ઓળખશે તેમજ વાચન–લેખનનું કૌશલ્ય પ્રાપ્ત કરશે.
- ગુજરાતી ભાષાના અક્ષરોની ઓળખ માટે ભાષાની રમતોનું આયોજન કરી શકાય. જેમ કે ગુજરાતી મૂળાક્ષરોમાં આપવામાં આવેલ કોઈ એક અક્ષરથી શરૂ થતા શબ્દો બોલવા, એકથી વધુ અક્ષર/માત્રાનો ઉપયોગ કરીને શબ્દો બનાવવા અને વાંચવા, એકથી વધુ અક્ષર/માત્રાનો ઉપયોગ કરીને શબ્દો બોલવા, વાંચવા–લખવા જેવી રમત પણ મદદરૂપ થઈ શકે છે.
- ગુજરાતી મૂળાક્ષરોના અક્ષરોને એક અક્ષરજાળનાં સ્વરૂપમાં પણ ઉપયોગ કરીને શબ્દો બનાવવાની રમત રમાડી શકાય. આ અક્ષરજાળમાં શીખેલ અક્ષર/માત્રાને પણ લઈ શકાય.
- પ્રવેશિકાના અંતે આપવામાં આવેલ ગુજરાતી મૂળાક્ષરોને શિક્ષાર્થી વાંચન–લેખન શીખતી વખતે ગમે ત્યારે જોઈ શકે છે, વાંચન–લેખનમાં તેનો ઉપયોગ કરી શકે છે.

શિક્ષાર્થીઓને શીખવતી વખતે ધ્યાનમાં રાખવાની થતી બાબતો

- **તમારા શિક્ષાર્થીને ઓળખવા** – આપણે આપણા શિક્ષાર્થી વિશે જાણીશું કે શું તેમને બિલકુલ વાંચન લેખન આવડતું જ નથી કે પહેલેથી થોડું વાંચન લેખન જાણે છે? તેઓ ફક્ત અક્ષર ઓળખ કરી શકે છે કે પછી ફક્ત પોતાનું નામ લખવાનું જ જાણે છે? એવું પણ હોઈ શકે કે તેઓ સંખ્યાજ્ઞાન ધરાવતા ન હોય પણ ગણિતના આંકડા અને ગણતરીની ઔપચારિક રીતોથી પરિચિત હોય. તેમના વિશે, તેમની પસંદ નાપસંદ, સુખ–દુઃખ, કુટુંબ, ચિંતા, સંઘર્ષ જેવી બાબતો પણ જાણીએ, જેથી જ્યારે આપણે શીખવા–શીખવવાની પ્રક્રિયા શરૂ કરીએ ત્યારે તેમના જીવનની ઘટનાઓને ધ્યાનમાં રાખીને વાતચીત કરી શકીએ. વાતચીત દરમિયાન તેમની હિંમત વધે અને પોતાને સમર્થ સમજે તે માટે પ્રોત્સાહિત કરવા. આપણી આત્મીયતા તેમના જીવનના ઘણા દુઃખદ પ્રસંગો પરથી તેમનું ધ્યાન હટાવી શકે છે. કોઈપણ શિક્ષાર્થીની માનહાનિ ન થાય તેમજ તેમની જાતિ, જ્ઞાતિ કે ધર્મ પર કોઈપણ પ્રકારની ટિપ્પણી ન થાય તે બાબતનું ખાસ ધ્યાન રાખવું.
- **તમારી શીખવા શીખવવાની કાર્યશૈલીને મનોરંજક બનાવવી** – તમારી આસપાસ એવી અનેક વસ્તુઓ ઉપલબ્ધ હશે જે એકમના શિક્ષણ વખતે ઉપયોગી બની શકે છે. આવી વસ્તુઓ જેવી કે છાપું, પત્રિકા, વીજળીનું બિલ, રેલવે ટિકિટ વગેરેનો યોગ્ય ઉપયોગ કરો.
- **શિક્ષાર્થીને પોતાની વાત રજૂ કરવાની તક આપવી –** તમે એકલા જ ન બોલો. શિક્ષાર્થીને ચર્ચા કરવા માટે તેમજ પોતાના વિચાર રજૂ કરવા માટે પૂરતો સમય આપો. આપણી ઇચ્છા શિક્ષાર્થીને ઘણી બધી જાણકારી આપવાની હોય છે પરંતુ એવું પણ બને કે તે પહેલેથી જ ઘણું જાણતા હોય, માટે આપણે તેમની જાણકારી અને અનુભવોનો લાભ લેવો જોઈએ. આવા સમયે આપણે તેમનો આભાર વ્યક્ત કરવાનું પણ ન ભૂલીએ.
- **પૂરક વાચન સામગ્રીનો ઉપયોગ કરવો – ઉજાસ**ના દરેક પાઠને વાંચી તેની સાથે સંલગ્ન વિવિધ પ્રકારની રસપ્રદ અને સરળતાથી ઉપલબ્ધ હોય તેવી અર્થપૂર્ણ વાંચન સામગ્રી એકત્ર કરો. જેથી શિક્ષાર્થીઓને શીખવવામાં આવેલા પાઠ્યવસ્તુને સમજવાનું સરળ બનશે અને તેઓ તેનાથી જોડાયેલા રહેશે.
- **શિક્ષાર્થી પ્રત્યે સંવેદનશીલ અને હકારાત્મક દ્રષ્ટિકોણ રાખવો –** આપણે એવું ન સમજીએ કે આપણે ઉંમરમાં તેમનાથી નાના કે મોટા છીએ તો તેઓ આપણી વાતોને ગંભીરતાથી લેશે નહીં. તેઓ તમને ખૂબ જ આદર અને પ્રેમ આપશે કારણ કે આપણે તેમને વાચન–લેખન અને સંખ્યાજ્ઞાન શીખવામાં તેમની મદદ કરી રહ્યા છીએ. તમે ખૂબ જ સમજદાર, અનુભવી અને સંવેદનશીલ વ્યક્તિ છો. તમારે યાદ રાખવું જોઈએ કે તેમના કામકાજ, પોશાક, ઉચ્ચારણ તેમજ ઊઠવા–બેસવાની રીતભાત પર કોઈપણ નકારાત્મક વાત ન કરવી.
- **શિક્ષાર્થીઓની સગવડોનું ધ્યાન રાખવું –** શીખવા શીખવવાનો સમય, સ્થળ, અંતર વગેરે બાબતોનું નિર્ધારણ શિક્ષાર્થીને અનુકૂળ હોય તેવું જ રાખો. શિક્ષાર્થીઓ માટે બેસવાની

વ્યવસ્થા કંઈક એવી રીતે રાખો કે તેઓ આરામથી બેસી શકે અને જ્યારે આપણે તેને અક્ષર અને શબ્દ વાંચીને બતાવીએ ત્યારે તે સરળતાથી જોઈ પણ શકે. બેઠક વ્યવસ્થા માટે ટેબલ ખુરશી જેવી વસ્તુઓની પહેલેથી જ વ્યવસ્થા કરી રાખવી જેથી મોટી ઉંમરના શિક્ષાર્થીઓને ગોઠણના દુ:ખાવા વગેરે જેવી સમસ્યા હોય તો તેઓ કલાક બે કલાક બેસવામાં કોઈ મુશ્કેલી ન અનુભવે.

- **મૂળભૂત જરૂરિયાતોની વ્યવસ્થા કરવી –** જે સ્થળ પર આપણે શિક્ષાર્થીઓને શીખવી રહ્યા છીએ ત્યાં પીવાના પાણીની વ્યવસ્થા તેમજ જરૂરી અજવાળું પણ હોવું જોઈએ.
- **શિક્ષાર્થીઓના અનુભવ અને કૌશલ્યોનું સન્માન કરવું –** આપણા શિક્ષાર્થીને પોતાના જીવનનો ખૂબ જ વિશાળ અનુભવ છે. વાંચન–લેખન શીખવામાં તેમના અનુભવનો ખૂબ જ લાભ મેળવવામાં આવે તો તમારા માટે વાંચન–લેખન શીખવવાનું ખૂબ જ સરળ થઈ જશે. આપણા શિક્ષાર્થી કાર્યકુશળ વ્યક્તિઓ છે. તેઓ જુદા જુદા પ્રકારનાં કૌશલ્યો જાણે છે. તેમના કાર્યકૌશલ્યનો ઉપયોગ શબ્દભંડોળ, ગણિતનાં કૌશલ્ય અને વાચન–લેખન શીખવવામાં યોગ્ય રીતે કરી શકાય છે. વાચન–લેખનના સંદર્ભમાં તમારી સમજ વધારે છે જ્યારે કામકાજ અને જીવનના અનુભવોની વાત કરીએ તો તેમની સમજ ઊંડાણપૂર્વકની હોય છે. તમારી પાસે અપેક્ષા છે કે તમે તેઓનું આદરપૂર્વક સંબોધન કરો. તેમની ઉંમર અને અનુભવોને પૂરતું સન્માન આપો.
- **શિક્ષાર્થીના શીખવાની પ્રક્રિયાને સમજવી –** એવું પણ બની શકે છે કે તમે તેઓને આજે જે શીખવ્યું છે તે બે ત્રણ દિવસ પછી તેઓ ભૂલી જાય. આ ખૂબ જ સ્વાભાવિક બાબત છે. આથી અગાઉ શીખવેલું છે તેનું પુનરાવર્તન કરવા માટે પ્રોત્સાહન આપવું જરૂરી બનશે. એ વાતનું વિશેષ ધ્યાન રાખો કે દરેક શિક્ષાર્થીની શીખવાની ગતિ અને પદ્ધતિ અલગ હશે તો તે અનુસાર જ તેમને શીખવવામાં મદદ કરો. શીખવા અને પરિવર્તન લાવવામાં સમય લાગે છે એટલા માટે ધીરજ રાખો. કેન્દ્રના માહોલને રસપ્રદ બનાવવા માટે સમયાંતરે મનોરંજન, રમત તેમજ તહેવાર અનુસાર ગીત પણ ગાઓ. ગીતો, વાર્તાઓ અનુભવોનું વર્ણન વગેરે દ્વારા આપણે શીખવા શીખવવાના વિષયવસ્તુઓની બાબતોને જોડી શકીએ છીએ. આમ કરવાથી શીખવાની પ્રક્રિયાને રસપ્રદ બનાવી શકાય છે. શીખવા માટે આનંદદાયી અને પ્રેરણારૂપ માહોલ બનાવવો જરૂરી છે.

ખૂબ ખૂબ શુભેચ્છાઓ...!

આર. આર. પટેલ
સંયોજક
રાજ્ય સાક્ષરતા કેન્દ્ર અને
નાયબ નિયામક અને પ્રોજેક્ટ ઓફિસર
જીસીઈઆરટી, ગાંધીનગર, ગુજરાત

પ્રવેશિકા નિર્માણ સમિતિ

પ્રેરણા

ઉષા શર્મા, સભ્ય સંયોજક, પ્રોફેસર અને ઇ.ચા. રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્ર, એન.સી.ઈ.આર.ટી., ન્યૂ દિલ્હી

અધ્યક્ષ

ડી. એસ. પટેલ, નિયામક, રાજ્ય સાક્ષરતા કેન્દ્ર, જીસીઇઆરટી, ગાંધીનગર, ગુજરાત

સંયોજન અને પરામર્શન

આર. આર. પટેલ, નાયબ નિયામક અને પ્રોજેક્ટ ઓફિસર, રાજ્ય સાક્ષરતા કેન્દ્ર, જીસીઇઆરટી, ગાંધીનગર

નિર્માણ સમિતિ—સંપાદન

ડૉ. બાની બોરા, વરિષ્ઠ સલાહકાર, રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્ર, એન.સી.ઈ.આર.ટી., ન્યૂ દિલ્હી

શિવા શ્રીવાસ્તવ, જુ. પ્રોજેકટ ફેલો, રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્ર, એન.સી.ઈ.આર.ટી., ન્યૂ દિલ્હી

રોહિત નૈનવાલ–સલાહકાર, રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્ર, એન.સી.ઈ.આર.ટી., ન્યૂ દિલ્હી

સોનાલી, જુ. પ્રોજેકટ ફેલો, રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્ર, એન.સી.ઈ.આર.ટી., ન્યૂ દિલ્હી

ડૉ. યોગીતાબેન દેશમુખ, રિસર્ચ એસોસીએટ, જીસીઇઆરટી, ગાંધીનગર

ડૉ. ઇકબાલભાઇ વોરા, રિસર્ચ એસોસીએટ, જીસીઇઆરટી, ગાંધીનગર

વિજયભાઇ સુરેલીયા, લેક્ચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જામનગર

સમીક્ષા સમિતિ

રશ્મિકાબેન મોદી, લેકચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર

એમ.એ. શેખ, લેકચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, કઠલાલ

ડી.આર.પટેલ, લેકચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર

દક્ષાબેન ખડાયતા, લેકચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, દાહોદ

ગ્રાફિક્સ અને ડિઝાઇન

નિલેશ ચાપાનેરી, સિનિયર લેક્ચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી.

જીજ્ઞેશ ઠાકર, ટેકનીશીયન, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

રીના પુરોહિત, ટેકનીશીયન, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર

દિપક ગોસાઇ, ટેકનીશીયન, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર

આભાર

રાજ્ય સાક્ષરતા કેન્દ્ર–ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગર ઉજાસ (પ્રવેશિકા ભાગ 1 થી 4) પ્રકાશન માટે સંમતિ આપવા બદલ રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ન્યુ દિલ્હીનો આભાર વ્યકત કરે છે. જેમના માર્ગદર્શન હેઠળ આ સામગ્રી વિકસાવવામાં આવી છે. એનસીઇઆરટીના રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્રના પ્રભારી ઉષા શર્મા–પ્રોફેસર, એનસીઇઆરટીનો આભાર વ્યક્ત કરે છે. રાષ્ટ્રીય સાક્ષરતા કેન્દ્રના ફેકલ્ટી ડૉ. બાની બોરા–વરિષ્ઠ સલાહકાર, રોહિત નૈનવાલ–સલાહકાર, શીવા શ્રીવાસ્તવ–સલાહકાર, સોનાલી–જુ. પ્રોજેકટ ફેલો. ના આભારી છે .

ઉજાસ (પ્રવેશિકા ભાગ 1 થી 4) નિર્માણ માટેના વિવિધ તબક્કા જેમકે એનસીઇઆરટી દ્વારા યોજાયેલ કાર્યશાળાઓ તેમજ જીસીઇઆરટી દ્વારા યોજાયેલ નિર્માણ અને સમીક્ષા અંતર્ગત યોજાયેલ કાર્યશાળાઓના લેખકો, સમીક્ષકો અને ટેકનીકલ સહાય પૂરી પાડનાર સૌનો આભાર માનીએ છીએ. જેમના સહયોગથી આ કાર્ય પૂર્ણ કરવામાં સફળતા મળી છે.

રાજ્ય સાક્ષરતા કેન્દ્ર
જીસીઇઆરટી ગાંધીનગર,
ગુજરાત

અનુક્રમણિકા

આમુખ

સ્વયંસેવી શિક્ષકો માટેની વાત

પ્રવેશિકા નિર્માણ સમિતિ


1. પરિવાર અને પડોશ 1–23
   - અ, આ, ન, પ, સ, ર, વ
   - અનાવરીનો પરિવાર
   - ૧ થી ૯ સુધીની સંખ્યાની ઓળખ, વાચન અને લેખન
   - આવો વાદળ (કવિતા)
2. વાતચીત 24–53
   - ઈ, ઈ, બ, ત, મ, ખ, ટ, ચ
   - શાળાને પત્ર
   - ૧૦ થી ૨૦ સુધીની સંખ્યાની ઓળખ, વાચન અને લેખન
   - ૨૦ સુધીની સંખ્યાઓના સરવાળા અને બાદબાકી
   - અંધેર નગરી ચોપાટ રાજા, ટકે શેર ભાજી ટકે શેર ખાજા
3. આપણી રહેણીકરણી 54–86
   - ઓ, ઔ, ઝ, દ, લ, ગ, ક, ય
   - દિવાળીના દીવા
   - ૨૧ થી ૫૦ સુધીની સંખ્યાની ઓળખ, વાચન અને લેખન
   - એકમ અને દશકની જૂથમાં ગણતરી
   - ૫૦ સુધીની સંખ્યાઓના સરવાળા અને બાદબાકી
   - વાર્તા


મારી ચોપડી

મારું નામ : _____

મારું સરનામું : _____

મારો મોબાઈલ નંબર : _____


સામુહિક આરોગ્ય કેન્દ્ર
મુસ્કાન બ્યુટિક
આરિફ ફૂટવેર
શુભ
લાભ
શુભ
લાભ
3
4
7



વાતચીત માટે

૧. આ ચિત્ર ક્યાંનું છે? ૨. કોણ શું શું કરી રહ્યું છે? ૩. કરિયાણાની દુકાને શું શું મળે છે?

૪. આ ચિત્રમાં કુલ કેટલા બાળકો છે? ૫. ચિત્રમાં ઘરન નં. ૪ આગળ શું છે?

૬. ચિત્રમાં કુલ કેટલા ખાટલા છે?

1

પરિવાર અને પડોશ


A5L7U5

આપણે શીખીશું

અ	આ	ન	પ	સ	ર	વ

- ૧ થી ૯ સુધીની સંખ્યાઓની ઓળખ, વાચન અને લેખન

ચિત્ર પરથી અનુમાન કરીને વાંચો.



દુકાન



પરિવાર



લોકો



શેરી



રસોડું



દરવાજો



ઘર



પાડોશી




વકીલ

શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થીઓને એક પછી એક ચિત્રોનો પરિચય કરાવો. ચિત્રની નીચે તેના સબંધિત શબ્દ આપવામાં આવેલ છે. ચિત્રને આધારે શબ્દોનું અનુમાન કરીને તેમને વાંચવા માટે કહો. ચિત્ર નીચે લખેલા શબ્દ પર આંગળી રાખી વંચાવો.

- **ચિત્ર પરથી અનુમાન કરીને વાંચો.**

તમારા ઘરમાં નીચે આપેલ વસ્તુઓમાંથી શું શું છે? તેની નીચે ખરા (√) ની નિશાની કરો.




માટીનો ચૂલો



ખાટલો

મે - ૨૦૨૩						
રવિ	સોમ	મંગળ	બુધ	ગુરૂ	શુક	શનિ
	૧	૨	૩	૪	૫	૬
૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩
૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭
૨૮	૨૯	૩૦	૩૧			

કેલેન્ડર



સાયકલ



સિલિન્ડર / ગેસ બોટલ



નળ

- વાંચો અને લખો.

અ



અરીસો



અખરોટ

અ અ

આ



આમલી



આસન

આ આ

શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થીઓને એક પછી એક ચિત્રોની ઓળખ કરાવો. ચિત્રની નીચે લખેલ શબ્દ પર આંગળી રાખીને વંચાવો અને મૂળાક્ષર લખાવો. મૂળાક્ષર 'અ' અને 'આ' ના ધ્વનિમાં તથા 'અ' અને 'આ' ના આકારમાં રહેલા તફાવતને સમજાવો. આ પ્રમાણે બાકીના મૂળાક્ષરોને વંચાવો અને લખાવો.

ન



નદી



નળ

ન્ ન્

ના



નારિયેળ




નાક

ના ના

પ



પપૈયું



પતંગ

પ પ

પા



પાલક



પાટલો

પા પા

સ



સમોસા



સમડી

સ સ

સા



સાયકલ

૭

સાત

સા સા

ર



રમકડું



રસગુલ્લા

ર ર

રા



રાખડી



રાણી

રા રા

વ



વન




વકીલ

વ વ

વા



વાજીંત્ર



વાયરસ

વા વા

મારા શબ્દો

શિક્ષક માટેની સૂચના: 'પરિવાર અને પડોશ' વિષય પર વાતચીત કરો. શિક્ષાર્થીઓ સાથે તેઓની આસપાસના લોકોની સંસ્કૃતિ અને સામાજિક સંબંધો વિશે ચર્ચા કરો. શિક્ષાર્થી સાથે ચર્ચા કરી આ વિષય પર ૩ થી ૪ શબ્દો લખો. તે શબ્દો પોતાની ભાષાના (સ્થાનિક) પણ હોઈ શકે છે. જેમ કે, 'મીઠું' માટે 'લૂણ', 'સગડી' માટે 'ચૂલો' વગેરે..

અનાવરીનો પરિવાર



અનાજ ઉગાડયું છે, આ વખતે અમે
ખેતરમાં ખૂબ મહેનત કરી છે, આ વખતે અમે

તમે શું વિચારો છો?

પ્રશ્ન–1. ચિત્રમાં વાવણીનું કામ ચાલી રહ્યું છે? હા ☐ ના ☐

પ્રશ્ન–2. તમારા વિસ્તારમાં અનાજની ખેતી થાય છે? હા ☐ ના ☐

પ્રશ્ન–3. તમારો પરિવાર સાથે મળીને કામધંધો કરે છે? હા ☐ ના ☐

પ્રશ્ન–4. આ કામમાં તમે તમારા પરિવારની મદદ કરો છો? હા ☐ ના ☐

શિક્ષક માટેની સૂચના: આ પ્રશ્નોના આધારે શિક્ષાર્થીઓના વ્યવસાય અને તેના કુટુંબ વિશે ચર્ચા કરો. ઉપર આપેલા પ્રશ્નો પર આંગળી રાખીને વાંચો અને શિક્ષાર્થીઓને 'હા' અથવા 'ના' પર ખરા (√)ની નિશાની કરવાનું કહો.

- જુઓ, વાંચો અને લખો

અ થી શરૂ થતા શબ્દને ઓળખો અને લખો.

અનાનસ હાર રીના પાન

આ થી શરૂ થતા શબ્દને ઓળખો અને લખો.

પલક આધાર નસ નર

વ થી શરૂ થતા શબ્દને ઓળખો અને લખો.

પાસા સર નાવ વર

વા થી શરૂ થતા શબ્દને ઓળખો અને લખો.

સારા રવાના રવો વાદળ

ન થી શરૂ થતા શબ્દને ઓળખો અને લખો.

વાર નસ નારા માપવું

ના થી શરૂ થતા શબ્દને ઓળખો અને લખો.

આવવું નાવ આરપાર નસ

ર થી શરૂ થતા શબ્દને ઓળખો અને લખો.

પાર પાસ પાન રસ

સ થી શરૂ થતા શબ્દને ઓળખો અને લખો.

વાનર સાવજ સડક રાજુ

પ થી શરૂ થતા શબ્દને ઓળખો અને લખો.

નાવ વર પપૈયું પારસ

શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થીઓને શબ્દ વાંચવા અને લખવાની તક આપો અને શબ્દ લખવામાં તેઓને મદદ કરો. આપેલા અક્ષરોથી શરૂ થતા શબ્દોની ઓળખ કરાવી તેને લખવાનો મહાવરો પણ કરાવો.

- ગણો અને અને અંક ઓળખો.




૧

એક હોડી




૨

બે ઝાંઝર



૩

ત્રણ વેલણ



૪


ચાર કેરી



૫


પાંચ ઘર

- ગણો અને અને અંક ઓળખો.




૬

છ સારસ




૭

સાત માટલા



૮

આઠ નળ




૯

નવ દાડમ


શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થી ચિત્રમાં આપેલ વસ્તુઓને ગણે તેમજ તે અંકને ઓળખે તે માટેના પ્રયત્ન કરો. શિક્ષાર્થીઓને તેની આસપાસની વસ્તુઓ ગણવાની તક આપો. જેમ કે–ઓરડામાં કેટલી વ્યક્તિઓ છે?

- આપેલ અંક મુજબનું જૂથ બનાવવા બાજુમાં આપેલ વસ્તુઓને રેખાંકિત કરો.

૪ ચાર કેરી



૭ સાત નળ



શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થી અંકને ઓળખે, બોલે અને તેટલી વસ્તુઓની ગણતરી કરી તેને રેખબંકિત કરે તે માટે તેમને પ્રોત્સાહિત કરો.

- વસ્તુઓના સમૂહને અંક સાથે જોડો.


૧

એક




૨

બે




૩

ત્રણ



૪

ચાર



૫

પાંચ



૬

છ



૭

સાત



૮

આઠ



૯

નવ



શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થી દરેક જૂથમાં આપેલ વસ્તુઓની ગણતરી કરી લખેલ અંક સાથે જોડે તેવો પ્રયત્ન કરો.

- મોબાઇલમાં કયો અંક કયાં છે?



- તમારો અથવા તમારા મિત્રનો મોબાઇલ નંબર લખો. _____
- આ મોબાઇલ નંબરનો કયો અંક એક કરતાં વધુ વખત દબાવવો પડશે? _____

અંકોને બોલો અને લખો.

૧	૧	૬	૬
૨	૨	૭	૭
૩	૩	૮	૮
૪	૪	૯	૯
૫	૫	૦	૦

શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થી પહેલાં ટપકાંવાળા અંકોને જોડે અને પછી જાતે બોલે અને પછી જાતે લખે તેવો પ્રયત્ન કરો. જે શિક્ષાર્થીઓને વધારે મહાવરાની જરુર હોય તેને વારંવાર તેમ કરવાની તક આપો. શિક્ષાર્થી મોબાઇલ પર આપેલ અંકની પેટર્નને ઓળખે અને તેના આધારે અંક (૦ થી ૯) લખે તેવો પ્રયત્ન કરો.

- રામુનો પરિવાર બળદગાડામાં જઈ રહ્યો છે. જુઓ, ગણો અને લખો.



- બળદગાડામાં કુલ કેટલી વ્યક્તિઓ છે?
- બળદગાડામાં કુલ કેટલા પુરુષ છે?
- બળદગાડામાં કુલ કેટલી સ્ત્રીઓ છે?
- ટોપલીમાં કેટલા તરબૂચ છે?
- બળદગાડાને કેટલાં પૈડાં છે?
- બળદગાડામાં કેટલાં ફાનસ છે?

શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થીઓને વસ્તુઓ ગણીને સાચો અંક લખવાનો મહાવરો કરાવવો. અંક વાંચવામા અને લખવામાં શિક્ષાર્થીઓને મદદ કરો.

આ કવિતા એકસાથે મળીને વાંચો.

આવો વાદળ

આ થી આવો
વા થી વાદળ
પા થી પાણી
લાઓ વાદળ


ધ થી ધરતી
ગ થી ગરમી
ન થી નહેર
નદી પણ સૂકી

પ થી પડછાયો
પંખીઓ મૌન
હ થી હરિયાળી
છે રીસાઇ.

ઉ થી ઉઠવું
છ થી છલોછલ
જ થી જલ્દી
આવો વાદળ.

ઝ થી ઝરમર
વ થી વરસો
ગ થી ગરજો
ગાઓ વાદળ.

– શ્યામ સુશીલ



કવિતામાંથી નીચે આપેલ મૂળાક્ષરોથી શરૂ થતા શબ્દોને ઓળખો અને લખો.

આ ..... પ .....

ન ..... પા .....

- **ચિત્ર જોઇને ખાલી જગ્યા પૂરો.**

૧. સા ..... સ 

૨. વાં.....રો 


૩. દા.....મ 


૪. વ ..... 

૫. .....રી 

૬. .....ળ 

શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થીઓની સાથે મળીને કવિતામાં આપેલ મૂળાક્ષરો અને શબ્દોની ઓળખ કરાવો. મૂળાક્ષરો અને શબ્દોને લખવામાં શિક્ષાર્થીઓને મદદ કરો. તેઓને કવિતાને ગાઇને વાચવા માટે પ્રોત્સાહિત કરો.


પોસ્ટ ઓફિસ



વાતચીત માટે

(૧) આપણી વાતને બીજા સુધી પહોંચાડવા માટે આ ચિત્રમાં કઇ કઇ રીતનો ઉપયોગ થઇ રહ્યો છે? (૨) શું તમે કયારેય પોસ્ટ ઓફિસ ગયા છો? (૩) તમે પોસ્ટ ઓફિસ કયા–કયા કામ માટે જાઓ છો? (૪) સૂચનાઓ કઈ–કઈ રીતે મળે છે? (૫) મોબાઇલનો ઉપયોગ વાતચીત કરવા સિવાય બીજા કયા–કયા કામ માટે કરો છો?

2

વાતચીત

T5H9T9

આપણે શીખીશું

ઇ	ઈ	બ	ત	મ	ખ	ટ	ચ

- ૧૦ થી ૨૦ સુધીની સંખ્યાઓની ઓળખ
- ૨૦ સુધીની સંખ્યાઓના સરવાળા અને બાદબાકી

- **ચિત્ર પરથી અનુમાન કરીને વાંચો.**



વર્તમાનપત્ર



માઇક



વાતચીત




મોબાઇલ



ચરખો



ટેલિવિઝન



એસ.એમ.એસ.



ટેલિફોન



ટપાલપેટી

શિક્ષક માટેની સૂચનાઃ શિક્ષાર્થીઓને બધાં ચિત્રોની ઓળખ કરાવો. ચિત્રોની નીચે તેને અનુરૂપ શબ્દ આપેલ છે. ચિત્રના આધારે અનુમાન કરીને શબ્દોને વંચાવો.

- ચિત્ર પરથી અનુમાન કરીને વાંચો.

તમારા ઘરમાં નીચેમાંથી શું શું છે? તેની સામે ખરા (√) ની નિશાની કરો.





રેડિયો	ટેલિવિઝન





ટપાલપેટી	પેન

- વાંચો અને લખો.

ઇ



ઇજનેર



ઇનામ

ઇ ઇ

ઈ



ઈડલી



ઈ–મેઇલ

ઈ ઈ

શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થીઓને વારફરતી ચિત્રોની ઓળખ કરાવો. ચિત્રની નીચે લખેલ શબ્દો પર આંગળી રાખીને વંચાવો અને મૂળાક્ષર લખાવો. આ પ્રમાણે બાકીના મૂળાક્ષરોને વંચાવો અને લખાવો.

બ



બસ



બક્કલ

બ બ

બા



બાગ



બાજરી

બા બા

બિ






બિસ્કીટ

બિલાડી

બિ બિ

બી






બીજ

બીટ

બી બી

ત



તબલાં



તલવાર

ત ત

તા



તારા



તાળું

તા તા

ત






તિરંગો

તિજોરી

ત

ત

ती






તીડ

તીર

ती

ती

મ



મચ્છર



મગર

મ મ

મા



માલિશ



માલગાડી

મા મા

મિ




મિજાગરો



મિલ

મિ મિ

મી



મીણબત્તી



મીઠું

મી મી

ખ



ખજૂર



ખલ

ખ ખ

ખા



ખાટલો



ખાતાવહી

ખા ખા

ખ



ખિસ્સું



ખિસકોલી

ખ ખ

ખી



ખીર



ખીલી

ખી ખી

ટ



ટપાલી



ટકા

ટ

ટ

ટા



ટાવર




ટાઇ

ટા

ટા

ટ





ટિકિટ

ટિફિન

ટ ટ

ટ






ટીવી

ટી-શર્ટ

ટી ટી

ચ



ચરખો



ચમચી

ચ ચ

ચા




ચાકુ




ચામાચીડિયું

ચા ચા

ચ



ચિઠ્ઠી



ચિત્તો

ચ ચ

ચી



ચીકુ



ચીપિયો

ચી ચી

શાળાને પત્ર

તા. ૦૫/૦૮/૨૦૨૨

સાહેબ/બહેનશ્રી,

નમસ્કાર,

મારી દીકરી બબીતા આપની શાળામાં ધોરણ ૬ માં ભણે છે. અમે બે મહિના માટે ગામડે ગયાં હતાં. અમે હવે ગામડેથી પાછાં આવી ગયા છીએ, પરંતુ બબીતાનું નામ શાળામાંથી રદ થઇ ગયું છે. મહેરબાની કરીને બબીતાને ફરીથી શાળામાં દાખલ કરશો.

આભાર

આરતી

બબીતાની મા



શિક્ષક માટેની સૂચના: ઉપર આપેલો પત્ર શિક્ષાર્થીઓને વાંચી સંભળાવો. તેઓની સાથે વાતચીત કરો કે તમારે કયારેય આવો પત્ર લખવાની જરૂર પડી છે? શિક્ષાર્થીઓને આપેલા પ્રશ્નોની નીચે આંગળી રાખી વાંચવા અને હા કે ના પર ખરાની (√) નિશાની કરવાનું કહો.

• વાંચો અને કહો.

પ્રશ્ન–૧ તમને કયારેય પત્ર લખવાની જરૂરિયાત થઈ છે? હા ના

પ્રશ્ન–૨ તમારા ઘરની આજુબાજુ કોઈ ટપાલપેટી કે પોસ્ટ ઓફિસ છે? હા ના

પ્રશ્ન–૩ તમે કયારેય પોસ્ટ ઓફિસે ગયા છો? હા ના

પ્રશ્ન–૪ પોસ્ટ ઓફિસમાં તમારું બચત ખાતું છે? હા ના

• જૂઓ, વાંચો અને લખો.

ઇ થી શરૂ થતા શબ્દને ઓળખો અને લખો.

ચટણી ઇમારત ચરખો ત્રીસ

ઈ થી શરૂ થતા શબ્દને ઓળખો અને લખો.

બાટ લીન ઈજા નવું

ખા થી શરૂ થતા શબ્દને ઓળખો અને લખો.

ખાટલો ખર્ચ આંગણું આગળ

ટા થી શરૂ થતા શબ્દને ઓળખો અને લખો.

બટાટા ટામેટું ડાળખી ઢગલો

મી થી શરૂ થતા શબ્દને ઓળખો અને લખો.

મામી તીખું મીઠું અમી

બિ થી શરૂ થતા શબ્દને ઓળખો અને લખો.

બચત બીક બિલાડી ભમરડો

ખિ થી શરૂ થતા શબ્દને ઓળખો અને લખો.

ખીર　　સમારવું　　ખેલાડી　　ખિસકોલી

ચી થી શરૂ થતા શબ્દને ઓળખો અને લખો.

ચણા　　બરણી　　ચીકી　　બરણી

મા થી શરૂ થતા શબ્દને ઓળખો અને લખો.

ચમક　　માતા　　વીમો　　ચીમની

પી થી શરૂ થતા શબ્દને ઓળખો અને લખો.

પીપળો　　પપૈયું　　પિતા　　પાઈપ

મારું મનગમતું કામ

શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થીને શબ્દ વાંચવામાં મદદ કરો. જુદા જુદા ધ્વનિવાળા શબ્દો લખવાનું કહો. આ ધ્વનિ શબ્દની શરૂઆતમાં, વચ્ચે કે અંતમાં હોઈ શકે છે. શિક્ષાર્થીઓને મૂળાક્ષરની ઓળખમાં તેમજ તે મૂળાક્ષરથી બનેલ શબ્દને ઓળખીને લખવા માટે પ્રોત્સાહિત કરો.

• આવો, ગણતરી કરીએ






આ નોટમાં પાંચ (5) કેટલીવાર છપાયેલું છે? નિશાની કરો અને લખો.






આ નોટમાં દસ (10) કેટલીવાર છપાયેલું છે? નિશાની કરો અને લખો.

• આવો, સાથે મળીને ગણીએ




દસ નળ ૧૦




અગિયાર પલંગ ૧૧


શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થીને ચિત્રમાં આપેલ વસ્તુઓને ગણે તેમજ તે સંખ્યાને ઓળખે તે માટેના પ્રયત્ન કરો. શિક્ષાર્થીઓને તેની આસપાસની વસ્તુઓ ગણવાની તક આપો. જેમ કે, ઓરડામાં કેટલી વ્યક્તિઓ છે?




બાર પાન ૧૨




તેર કબાટ ૧૩




ચૌદ પતંગ ૧૪



પંદર રાખડી ૧૫



સોળ નારિયેળ ૧૬




સત્તર દાડમ ૧૭



અઢાર માછલી ૧૮



ઓગણીસ મોતી ૧૯



વીસ દીવાસળી ૨૦

- મહિમાના કુટુંબમાં પાંચ વ્યક્તિઓ છે. આજે તેના ઘરે બીજી ચાર વ્યક્તિઓ આવી છે, તો હવે મહિમાના ઘરમાં કુલ કેટલી વ્યક્તિઓ હશે?

 અને  મળીને  થાય.

૫ વ્યક્તિ અને ૪ વ્યક્તિ મળીને કુલ ૯ વ્યક્તિ થાય.


૫ + ૪ મળીને કુલ ૯ થાય

૫ + ૪ = ૯


૫ + ૪ = ૯

શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થીને ચિત્રની મદદથી ગણતરી કરવાની તક આપો. જેથી તેઓ **૧૦** થી **૨૦** સુધીની સંખ્યાને ઓળખી શકે. ગણિતમાં (+) એ સરવાળાની નિશાની છે અને (−) એ બાદબાકીની નિશાની છે, તેમજ (=) એ બરાબરની નિશાની છે.

- નવ કમ્પ્યૂટરમાંથી બે કમ્પ્યૂટર ખરાબ થઈ ગયાં છે, તો હવે કેટલાં કમ્પ્યૂટર ચાલુ હાલતમાં હશે?



કમ્પ્યૂટરમાંથી



કમ્પ્યૂટર ખરાબ થયાં



ચાલુ હાલતમાં રહેલાં કમ્પ્યૂટર


૯ કમ્પ્યૂટરમાંથી ૨ કમ્પ્યૂટર ખરાબ થયાં = ૭ ચાલુ હાલતમાં રહેલાં કમ્પ્યૂટર

૯ – ૨ = ૭ વધ્યાં

૯ – ૨ = ૭

૯ – ૨ = ૭

શિક્ષક માટેની સૂચના: જીવનમાં રોજબરોજ એવી ઘટના બને છે કે જ્યાં બે અંકોનો સરવાળો કરવાનો થાય છે. જુદાજુદા અંકોનો સરવાળો કરી શકે તે માટે શિક્ષાર્થીઓને પ્રોત્સાહિત કરો. તેવી જ રીતે, નાના નાના અંકોનો (૯ સુધીના અંકો) નો ઉપયોગ કરીને બાદબાકી કરવા શિક્ષાર્થીઓને કહો.



• એક કંપનીએ દુકાનદારને ૧૮ મોબાઇલનાં બોકસ મોકલ્યાં. દુકાનદારે તેમાંથી ૬ મોબાઇલનાં બોકસ કંપનીને પાછાં મોકલ્યાં. હવે આ દુકાનદાર પાસે મોબાઇલનાં કેટલાં બોકસ વધ્યાં હશે?

જવાબ: .....



- ટપાલીએ પહેલા દિવસે આઠ પોસ્ટકાર્ડ વહેચ્યાં. બીજા દિવસે તેણે ત્રણ પોસ્ટકાર્ડ વહેચ્યાં, તો ટપાલીએ બે દિવસમાં કુલ કેટલાં પોસ્ટકાર્ડ વહેચ્યાં?

  જવાબ: .....

- ટપાલી પાસે કુલ ૧૫ પોસ્ટકાર્ડ છે. સાંજ સુધીમાં તેણે બધાં જ પોસ્ટકાર્ડ વહેંચી દીધાં. હવે ટપાલી પાસે કેટલાં પોસ્ટકાર્ડ વધ્યાં હશે?

  જવાબ: .....

- જાવેદ પાસે ૨૦ રૂપિયા છે. તેમાંથી તેણે ૧૫ રૂપિયાનાં સરફજન ખરદ્યાં. હવે બાકીના બધા જ રૂપિયા વપરાઇ જાય તે માટે તેણે કેટલા રૂપિયા ખર્ચવા પડે?

  જવાબ: .....

- કેલ્ક્યુલેટર પર લખેલ અંકોને જુઓ. એવી કોઇ પણ બે સંખ્યા લખો કે તેનો સરવાળો ૧૦ થાય. તેને કેલ્ક્યુલેટરથી સરવાળો કરીને તપાસો.

જેમ કે,

૧ બટન + પછી ૯ બટન = ૧૦

પહેલાં ___ બટન + પછી ____ બટન = ૧૦ બટન

પહેલાં	1	બટન	+	પછી	9	બટન	=	10
પહેલાં		બટન	+	પછી		બટન	=	10
પહેલાં		બટન	+	પછી		બટન	=	10
પહેલાં		બટન	+	પછી		બટન	=	10

મારા શબ્દો

શિક્ષક માટેની સૂચના: 'વાતચીત' વિષય પર શિક્ષાર્થીઓ સાથે ચર્ચા કરો. શિક્ષાર્થીઓને પૂછીને આ વિષય આધારિત ૩–૪ શબ્દો લખો. આ શબ્દો તેમની પોતાની (સ્થાનિક) ભાષાના પણ હોઇ શકે છે. જેમ કે, 'લાઉડ સ્પીકર' માટે 'ભુંગળુ' વગેરે. મોબાઇલ, ટેલિફોન, પત્ર વગેરે વાતચીતના મુખ્ય સાધન છે, તેના પર ચર્ચા કરો.

• સાથે મળીને વાંચો

આ ‘અંધેર નગરી’ નાટકનો એક ભાગ છે. આ નાટક ભારતેંદુ હરિશ્ચંદ્ર દ્વારા ઘણા સમય પહેલાં લખવામાં આવ્યું હતું. એ સમયે વસ્તુનું વજન કિલોગ્રામ અને ગ્રામમાં કરવાને બદલે શેર, તોલામાં કરવામાં આવતું હતું. એવી જ રીતે, ખરીદ વેચાણ માટે પૈસાની જગ્યાએ ટકાનો ઉપયોગ થતો હતો.

અંધેર નગરી ચોપટ રાજા, ટકે શેર ભાજી ટકે શેર ખાજા



દુકાનદાર : લોટ, દાળ, મીઠું, ઘી, ખાંડ, મસાલા અને ચોખા લ્યો, ટકે શેર.

(ગોવર્ધનદાસ બજારમાં છે. કરિયાણાની દુકાને જઈ વસ્તુના ભાવ પૂછે છે.)

ગોવર્ધનદાસ : કેમ ભાઈ, લોટ કેટલાનો શેર ?

દુકાનદાર : ટકે શેર

ગોવર્ધનદાસ : અને ચોખા ?

દુકાનદાર : ટકે શેર



ગોવર્ધનદાસ : અને ખાંડ?

દુકાનદાર : ટકે શેર

ગોવર્ધનદાસ : અને ઘી?

દુકાનદાર : ટકે શેર

ગોવર્ધનદાસ : બધુ ટકે શેર. ખરેખર!

દુકાનદાર : હા મહારાજ, શા માટે ખોટું બોલુ!

(ગોવર્ધનદાસ શાકભાજી વેચવાવાળા પાસે જઈને)

ગોવર્ધનદાસ : કેમ બેન, ભાજીનો શું ભાવ છે?

શાકભાજીવાળા બેન : મહારાજ, ટકે શેર. શક્કરિયાં, મૂળા, કોથમીર, મરચાં, લીલોતરી બધું ટકે શેર.

ગોવર્ધનદાસ : બધી શાકભાજી ટકે શેર. વાહ! વાહ! ખૂબ આનંદ થયો. અહીં બધી વસ્તુ ટકે શેર. (કંદોઇ પાસે જઈને) શું ભાઈ કંદોઇ, મીઠાઈ કેટલાની શેર?

કંદોઇ : મહારાજ, લાડુ, જલેબી, ગુલાબજાંબુ, ખાજા બધું ટકે શેર.

ગોવર્ધનદાસ : વાહ ! વાહ ! ખૂબ આનંદ થયો. શું છોકરા, મારી સાથે મશ્કરી તો નથી કરતો ને? ખરેખર ! બધુ ટકે શેર?

કંદોઇ : હા મહારાજ, ખરેખર બધુ ટકે શેર. આ શહેરની આ જ રીત છે. અહીં બધી વસ્તુ ટકે શેર વેચાય છે.

ગોવર્ધનદાસ : કેમ છોકરા ! આ શહેરનું નામ શું છે?

કંદોઇ : અંધેરી નગરી.


ગોવર્ધનદાસ : અને રાજાનુ શું નામ છે?

કંદોઇ : ચોપટ રાજા.

ગોવર્ધનદાસ : વાહ ! વાહ ! અંધેર નગરી ચોપટ રાજા, ટકે શેર ભાજી ટકે શેર ખાજા.


— ભારતેંદુ હરિશ્ચંદ્ર





વાતચીત માટે

(1) આ ચિત્રમાં શું શું દેખાય છે ? (2) ચિત્રમાં કોણ શું કરી રહ્યું છે? (3) ચિત્રમાં જોવા મળતું આપણી આસપાસ શું શું છે? (4) ચિત્રમાં કુલ કેટલી દુકાન છે?


બ્યુટી પાર્લર
દવાખાનું
વૈદ્ય
અન્ના ઢોસા
અસલી દયાળ બેન્ડ

3

આપણી રહેણીકરણી

D7M5J8

આપણે શીખીશું

ઓ	ઔ	ઝ	દ	લ	ગ	ક	ય

- ૨૧ થી ૫૦ સુધીની સંખ્યાઓની ઓળખ, વાચન અને લેખન, એકમ અને દશકની ગણતરી
- ૧ થી ૫૦ સુધીની સંખ્યાઓના સરવાળા અને બાદબાકી

- ચિત્ર પરથી અનુમાન કરીને વાંચો.




જાન



ચકડોળ




વાદ્ય



છૂંદણાં



નાચ




પાન



રમકડાં



માળા



ફુગ્ગા

શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થીઓને બધાં ચિત્રોની ઓળખ કરાવો. ચિત્રોની નીચે તેને અનુરૂપ શબ્દ આપેલો છે. ચિત્રના આધારે અનુમાન કરીને શબ્દોને વંચાવો.

- ચિત્ર પરથી અનુમાન કરીને વાંચો.

તમારા ઘરમાં નીચેમાંથી શું શું છે? તેની સામે ખરા (√) ની નિશાની કરો.





પાણીપૂરીની લારી

માટીનાં વાસણની દુકાન






બંગડીની દુકાન

જલેબી

- ચિત્ર પરથી અનુમાન કરીને વાંચો.

તમારા ઘરમાં નીચેમાંથી શું શું છે? તેની સામે ખરા (√) ની નિશાની કરો.





ટેમ્પો	નિશાનબાજી






શેરડીનો રસ	ઊંટગાડી

ઓ

૩૯



ઓગણચાલીસ

ઓજાર

ઓ ઓ

ઔ





ઔષ્ઠ

ઔષધ

ઔ ઔ

ઝ





ઝઘડો

ઝરુખો

ઝ ઝ

ઝા






ઝાડું

ઝાડ

ઝા ઝા

ઝ





ઝિબ્રા

ઝિપ

ઝ ઝ

ઝી






ઝીપટો

ઝીલ

ઝી ઝી

દ



દરવાજો



દરજી

દ દ

દા




દાઢી



દાતણ

દા દા

દ



દિશાઓ




દિશાસૂચક

દ દ

દી



દીવો



દીવાલ

દી દી

દૌ





દૌહિત્રી

દૌલત

ૌ ૌ

ય





યજ્ઞ


યતિ

્ય ્ય

લ



લક્કડખોદ




લસણ

લ લ

લા



લાઇટર



લાઠી

લા લા

લિ






લિમડો

લિટરનું માપિયું

લિ લિ

લી





લીંપણ

લીચી

લી લી

લુ



લુહાર



લુછણીયું

લુ લુ

લો




લોટ




લોટો

લો લો

ગ



ગધેડો




ગમછો

ગ ગ

ગા



ગાગર



ગાય

ગા ગા

ગિ



ગિટાર



ગિલોલ

ગિ ગિ

ગી



ગીધ



ગીત

ગી ગી

ગો






ગોટલી

ગોદડી

ગો ગો

ગૌ





ગૌચર

ગૌશાળા

ગૌ ગૌ

ક






કરચલો

કબૂતર

ક ક

કા






કારખાનું

કાચબો

કા કા

કિ




કિલ્લો



કિસાન

કિ કિ

કી



કીડી




કીટલી


કી કી

• સાથે મળીને વાંચો

દિવાળીના દીવા

દિવાળીની રાત્રે લોકો એકબીજાના ઘરે દીવા મૂકવા જાય છે. દીવો મૂકતી વખતે લોકો બોલે છે કે, ‘‘મહેમાન આવ્યા છે, ધ્યાન રાખજો, તેને ઠંડી ન લાગી જાય.’’







મેં દુનિયામાં આટલાં મીઠાં વાકયો નથી સાંભળ્યાં. પોતાના ઘરેથી દીવો લઇ જઈને પડોશીના ઘરે મૂકવો. આજે આ વાકયની મીઠાશ તેનો અર્થ જાણીને ખૂબ વધી જાય છે, આપણા સબંધોમાં મીઠાશ બની રહે અને એકબીજાની લાગણી કયારેય ઓછી ન થાય.

શિક્ષક માટેની સૂચના: ‘દિવાળીના દીવા’ પાઠ વાંચીને સંભળાવો અને શિક્ષાર્થીઓને વાંચવા માટે પ્રોત્સાહિત કરો.

આજે આ મોટા શહેરમાં પડોશીના ઘરની બહાર દીવો રાખી આવું અને મનમાં તો બહુ ઈચ્છા થાય છે કે તેમને ફરીથી કહું જે મેં બાળપણમાં મારા પડોશી પાસેથી સાંભળ્યું હતું, "મહેમાન આવ્યા છે, ધ્યાન રાખજો, તેને ઠંડી ન લાગી જાય."

- **વાંચો અને બતાવો.**

પ્રશ્ન: ૧ દુનિયામાં સૌથી મીઠાં વાક્યો કોને કહેવામાં આવ્યા છે અને શા માટે?

પ્રશ્ન: ૨ તમારા માટે દુનિયાનાં સૌથી મીઠાં વાક્યો કયાં છે અને શા માટે?

પ્રશ્ન: ૩ શું તમારે ત્યાં પણ દિવાળી સાથે જોડાયેલ કોઈ ખાસ પરંપરા કે રીતરિવાજ છે? તેના વિશે જણાવો.


પ્રશ્ન: ૪ તમારા વિસ્તારમાં ઊજવવામાં આવતા અને તમને ગમતા તહેવાર વિશે જણાવો.

મારા શબ્દો

શિક્ષક માટેની સૂચના: 'આપણી રહેણીકરણી' વિષય પર વાતચીત કરો. શિક્ષાર્થીઓને પૂછી તેઓના કોઈ તહેવાર સાથે જોડાયેલ ૩ થી ૪ શબ્દો લખો. આ શબ્દો તેની ભાષાના પણ હોઈ શકે છે. દિવાળીના તહેવાર વિશેના શબ્દો જેવા કે ફટાકડા, મિઠાઈઓ, રંગોળી વગેરે.

- **શબ્દો શોધો અને લખો**

કમલે આજે ખાવાની ઘણી વસ્તુ બનાવી છે. તેમાંથી ખાવાની વસ્તુનાં નામ ઓળખી તેના પર વર્તુળ (○) કરો.



પનીર	ડુંગળી	આંબલી	ટામેટા	કટોરી	ચરખો	કઠોળ
થાળી	ગ્લાસ	ચટણી	પાલક	દાળ	ભાત	બરણી
રોટલી	તપેલી	ઓરસિયો	સાદડી	રાયતું	મીઠું	પાણી
જગ	વેલણ	તવો	બોટલ	ઘંટી	ખીર	માટલી

- **હવે ખાવાની આ વસ્તુઓનાં નામ લખો.**

• શબ્દોને ધ્યાનથી જુઓ, વાંચો અને લખો

જેમાં ઓ નો અવાજ છે.

ગાવું આવો ઓસીકું મળો

જેમાં ઔ નો અવાજ છે.

ઔદ્યોગિક કયાં મોર દરવાજો

જેમાં દો નો અવાજ છે.

દીવાલ દોસ્ત દાદી કાયદો

જેમાં દૌ નો અવાજ છે.

ઉધઈ દૌહિત્રી પૈસા ડોલ

જેમાં લૌ નો અવાજ છે.

બાળક લોકો સરોવર લૌકિક

જેમાં લી નો અવાજ છે.

મોલ લાલ લીલો પીળો

જેમાં કૌ નો અવાજ છે.

કાગડો મોબાઈલ કૌશલ્ય કોમલ

જેમાં કી નો અવાજ છે.

લીટી કીડી ટીકીટ ટકટક

જેમાં ઝો નો અવાજ છે.

ઝીણું ઝોળી ઝમઝમ જાદુ

જેમાં યો નો અવાજ છે.

ગયું બતાવવું યોગ ઉતાવળ

શિક્ષક માટેની સૂચના: શબ્દ વાચવામાં શિક્ષાર્થીઓને મદદ કરો. જુદા–જુદા અવાજવાળા શબ્દો લખવાનું કહો. આ અવાજ શબ્દની શરૂઆતમાં, વચ્ચે કે અંતમાં હોઈ શકે છે.

• આવો, કરી જોઈએ

દિવાળી પર રમેશને એક–એક રૂપિયાના ઘણા બધા સિક્કા મળ્યા. તેણે સિક્કાને ચલણી નોટમાં બદલવા માટે દુકાનદારને ૧ રૂપિયાના ૧૦ સિક્કા આપ્યા અને બદલામાં દુકાનદારે રમેશને દસ રૂપિયાની એક નોટ આપી.






જો રમેશ દુકાનદારને ૧ રૂપિયાના ૨૦ સિક્કા આપે તો તેના બદલામાં રમેશને દસ રૂપિયાની કેટલી નોટ મળશે ? તેટલી નોટને સમાવતું એક વર્તુળ દોરો.






• આવો, ઉમેરીને ગણતરી કરીએ


મીઠાઈના એક ડબ્બામાં ૧૦ લાડુ છે. જુઓ, સમજો અને લખો


૨૦ + ૧ =  = ૨૧

૨૦ + ૨=  = ૨૨

૨૦ + ૩ =  = ૨૩

૨૦ + ૪ =  = ૨૪

૨૦ + ૫ =  = ૨૫

૨૦ + ૬ =  = ૨૬

૨૦ + ૭ =  = ૨૭

૨૦ + ૮ =  = ૨૮

૨૦ + ૯ =  = ૨૯


૨૦ + ૧૦ =  = ૩૦

શિક્ષક માટેની સૂચના: આવી જ રીતે આગળની સંખ્યાઓ લખવામાં શિક્ષાર્થીઓને મદદ કરો.


૩૦	+	૧	=	૩૧
૩૦	+	૨	=	૩૨
૩૦	+	૩	=	૩૩
૩૦	+	૪	=	૩૪
૩૦	+	૫	=	૩૫
૩૦	+	૬	=	૩૬
૩૦	+	૭	=	૩૭
૩૦	+	૮	=	૩૮
૩૦	+	૯	=	૩૯
૩૦	+	૧૦	=	૪૦

૪૦	+	૧	=	૪૧
૪૦	+	૨	=	૪૨
૪૦	+	૩	=	૪૩
૪૦	+	૪	=	૪૪
૪૦	+	૫	=	૪૫
૪૦	+	૬	=	૪૬
૪૦	+	૭	=	૪૭
૪૦	+	૮	=	૪૮
૪૦	+	૯	=	૪૯
૪૦	+	૧૦	=	૫૦

- આવો, ઉમેરીને ગણતરી શીખીએ.



=



=

- નીચે આપેલ ૧૦ રૂપિયાની નોટ અને ૧ રૂપિયાના સિક્કા વડે કુલ કેટલા રૂપિયા બને છે, તેનું અનુમાન કરો અને જવાબ લખો.

	૧૦ રૂપિયાની નોટ		૧ રૂપિયાના સિક્કા		કુલ રૂપિયા
ક		+		=	૩૪
ખ		+		=	
ગ		+		=	
ઘ		+		=	૨૨
ચ				=	૩૨
છ				=	૪૦
જ				=	૪૨

શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થીઓને બતાવો કે દસ–દસના જૂથમાં ગણતરી કરવાથી મોટી મોટી સંખ્યાઓની ગણતરી સહેલી થઇ જાય છે. આ સમજ પણ વિકસાવવાની છે કે દસ એકમ મળીને એક દશક બને છે.

- રહીમ પાસે ૫૦ રૂપિયા છે, જેમાં ૧૦ રૂપિયાની ચાર નોટ છે અને ૧ રૂપિયાના દસ સિક્કા છે.



(ક) રહીમે તેની બહેન માટે ૧૫ રૂપિયાની બંગડી ખરીદી. તેણે દુકાનદારને કેટલી નોટ અને કેટલા સિક્કા આપ્યા હશે ?

		દશક	એકમ
	૧૦ રૂપિયાની નોટ =		
	૧ રૂપિયાના સિક્કા		

(ખ) રહીમે ૨૨ રૂપિયાની ચાટ પણ ખાધી તો રહીમે દુકાનદારને કેટલી નોટ અને કેટલા સિક્કા આપ્યા હશે ?

		દશક	એકમ
	૧૦ રૂપિયાની નોટ =		
	૧ રૂપિયાના સિક્કા		

(ગ) રહીમ પાસે હવે દસ રૂપિયાની કેટલી નોટ અને ૧ રૂપિયાના કેટલા સિક્કા વધ્યાં હશે ?

		દશક	એકમ
	૧૦ રૂપિયાની નોટ =		
	૧ રૂપિયાના સિક્કા		

શિક્ષક માટેની સૂચના: રૂપિયા, મીઠાઈના ડબ્બા દ્વારા શિક્ષાર્થીઓમાં એકમ અને દશકની સમજ વિકસિત કરવાની શરૂઆત કરી છે. શિક્ષાર્થીઓને પોતાની રીતે આવું કરવાની તક આપો. આવી બીજી સંખ્યાઓની લઈને તેમાં કેટલા એકમ અને દશક છે તે શોધવામાં શિક્ષાર્થીઓને પ્રોત્સાહિત કરો.

- તમારી પાસે ૧૦ રૂપિયા અને ૧ રૂપિયાના કેટલાક સિક્કા અથવા નોટ છે. બતાવો કે તમે દુકાનદારને વસ્તુની કિંમત કેવી રીતે ચૂકવશો ?

કિંમત	વસ્તુ	દશની નોટ/સિક્કા	૧ ની નોટ/સિક્કા
₹ ૫૦	ટમેટાં		
₹ ૪૨	બરફી		
₹ ૨૯	મગ		
₹ ૧૫	કેળાં		

- મનુ પાસે ફૂલોની બે માળા છે અને ૪ ફૂલ છૂટાં છે, તો તેની પાસે કુલ કેટલાં ફૂલ છે ? આપેલાં ખાનામાં સાચો જવાબ લખો અને સરવાળો કરીને બતાવો.

		દશક	એકમ
			
+		=	
		કુલ	

શિક્ષક માટેની સૂચના: ₹ ૫૦ માં '₹' એ રૂપિયાનું પ્રતિક છે.

• **સાથે મળીને વાંચો.**


વાર્તા

૧

અમારા શિક્ષક કહે છે કે, ‘‘દીકરા ખૂબ ભણો અને ખૂબ મહેનત કરો. બધાની મહેનતથી દેશ આગળ વધે છે.’’

‘‘હા દીકરા, જેમ કે આપણા ખેડૂતો, સૈનિકો, મજૂર, રમતવીરો વગેરે મહેનત કરે છે અને દેશનું નામ રોશન કરે છે.’’

‘‘પપ્પા, હું પણ મહેનત કરીને દેશનું નામ રોશન કરીશ.’’



વાતચીત માટે

1. તમે અથવા તમારા પરિવારના સભ્યો શું શું કામ કરો છો ? તે કામ કરવામાં તમારે કઈ કઈ મુશ્કેલીનો સામનો કરવો પડે છે ?
2. તમારા માનવા મુજબ કયા કયા લોકો સૌથી વધુ મહેનત કરે છે ?
3. શારીરિક શ્રમવાળાં કામ માટે લોકોનો સામાન્ય રીતે શું મત રહેતો હોય છે ? શું તમે તેમાં સહમત છો ? શા માટે ?

શિક્ષક માટેની સૂચના: શિક્ષાર્થીઓ સાથે શ્રમ, મજૂરી, જેન્ડર (જાતિ દા.ત. છોકરો–છોકરી, સ્ત્રી–પુરુષ) વિગેરે જેવા મુદ્દા પર ચર્ચા કરો. શિક્ષાર્થીઓને બતાવો કે સ્ત્રી–પુરુષ અથવા પતિ–પત્ની એકબીજાનાં પૂરક છે, સહયોગી છે. મહેનત કરવાના મહત્ત્વ વિશે પણ વાતચીત કરો.


વાર્તા– ૨

‘‘તમને ઘરકામમાં મમ્મીની મદદ કરતા જોઈને મને ખૂબ ખુશી થાય છે, પપ્પા !’’

‘‘હા દીકરા, એકબીજાની મદદથી તો પરિવાર ચાલે છે. પતિ–પત્ની જીવનસાથી પણ છે અને સહયોગી પણ છે.’’

‘‘હા પપ્પા, હું પણ ઘરકામમાં મદદ કરીશ.’’

–આયુષ્યમાન ગોસ્વામી



વાતચીત માટે

1. શું તમારા ઘરમાં સ્ત્રી અને પુરુષનાં કામો વહેંચાયેલાં છે ?
2. જો સ્ત્રી અને પુરુષ બંને બહાર કામ કરતા હોય તો ઘરે પહોંચીને કોણે કઈ કઈ જવાબદારીઓ નિભાવવી જોઈએ ?
3. સ્ત્રી અને પુરુષના કામની વહેંચણીની સમજ સમાજ માટે કેવી રીતે ઉપયોગી છે ?
4. બંને વાર્તામાં બાળકનો જવાબ સમાજને બદલવામાં કેવી રીતે મદદ કરશે ?

મૂળાક્ષરો

અ આ ઇ ઈ ઉ ઊ ઋ એ ઐ ઓ ઔ

ક ખ ગ ઘ ઙ

ચ છ જ ઝ

ટ ઠ ડ ઢ ણ


ત થ દ ધ ન


પ ફ બ ભ મ


ય ર લ વ


શ ષ સ હ ળ


ક્ષ ત્ર જ્ઞ શ્ર


ઉજાસ
પ્રવેશિકા, ભાગ 1


ઉજાસ
પ્રવેશિકા, ભાગ 2


ઉજાસ
પ્રવેશિકા, ભાગ 3


ઉજાસ
પ્રવેશિકા, ભાગ 4


કવિતા
પાઠ